www.researchguru.net

Research Guru

Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)

Volume-14, Issue-4, March-2021

# લોકઆંદોલન નવનિર્માણ

આનંદ.એસ.રબારી (શિક્ષક)

પીએચ.ડી વિદ્યાર્થી (ઈતિહાસ) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

શ્રી ઘનશ્યામભાઈ ઓઝાની સરકારને ગબડાવી શ્રી ઈન્દિરા ગાંધીની ઈચ્છા વિરુદ્ધ શ્રી ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી બની બેઠા. પરંતુ થોડા સમયમાં ગુજરાતમાં કોઈપણ નેતૃત્વ વિના સ્વયંભુ રીતે ફાટી નીકળેલી રોટી રમખાણને સાંસદ પુરુષોત્તમ માવળંકરે 'નવનિર્માણ' આંદોલન નામ આપ્યું. વિકાસની વાતો ભુલાઈ સત્તાના સોગઠાં ગોઠવવામાં રચીપચી રહેલ કોંગ્રેસ સ્વયંભુ ઊભા થયેલ આંદોલનને ખાળી ન શકી.

ડિસેમ્બર 1973માં અમદાવાદની એલ.ડી. એન્જીનિયરીંગ કૉલેજની હોસ્ટેલ ફીમાં 20% વધારો કરવામાં આવ્યો. તેથી હડતાલ પડી અને એક ''નવનિર્માણ સમિતિ''ની રચના કરાઈ. અનાજના ભાવ વધતા જતા હતા. કુડના ભાવ ઊછળતા વધતા જતા હતા. ચીમનભાઈએ એક પુસ્તિકા ગુજરાતની ઘટનાઓ ઘટસ્ફોટ નવનિર્માણના આંદોલન પછી પ્રસિદ્ધ કરી છે. તેમણે એમ લખ્યું છે કે દર મહિને ગુજરાતને કેન્દ્રમાંથી 1 લાખ 5 હજાર ટન અનાજ મળતું. ઈન્દિરાજીની ચીમનભાઈ ઉપર ખફા હતી તે જાણીતું હતું. આથી 1973ના ડિસેમ્બરમાં ગુજરાતના ક્વોટામાં 70 હજાર ટન ઘટાડી માત્ર 35 હજાર ટન કર્યા. ઈન્દિરાજીને ચીમનભાઈએ વિનંતીઓ કરી બધું વ્યર્થ લોકો પાઘડીનો વળ છેડે જુએ તેમ મોંઘવારીના ખપરમાં પ્રજા હોમાઈ.

પ્રથમ આંદોલન 19 ડિસેમ્બર 1973ના મોરબી એન્જિનિયરીંગ કૉલેજના વિદ્યાર્થીઓની હોસ્ટેલ્સમાં અનાજ બિલ ભાવવધારાના કારણે થયું. તેથી ત્યાંના વિદ્યાર્થીઓએ તોફાનો શરૂ કર્યા. તોફાનો મોરબી પછી અન્ય કૉલેજોમાં ગુજરાતમાં જોવા મળે છે.

**નવનિર્માણ યુવક સમિતિ :**

1974ના જાન્યુઆરી 12મીએ નવનિર્માણ યુવક સમિતિની વિધિસર રચના થઈ. પુરુષોત્તમ માવલંકર જૂથે ટેકો આપ્યો. બીજા બાજુથી શ્રી પ્રવીણ શેઠના અંગ્રેજી પુસ્તક ગુજરાતમાં રાજકીય વર્તનનો ઢાંચામાં જણાવ્યા મુજબ ચીમનભાઈ સામેના શાસક કોંગ્રેસના અગ્રણીઓ રત્તુભાઈ અદાણીના નેતૃત્વ હેઠળને અન્ય વિરોધ પક્ષોનું જૂથ એ બધાએ કૉલેજમાંથી આંદોલનો સમાજમાં ફેલાવવા જલદ પ્રવૃત્તિ કરી.

"ઝિણાભાઈ દરજી અને રત્તુભાઈ અદાણી જૂથે વિદ્યાર્થીઓનો સંપર્ક સાધવાનું કાર્ય એક પ્રધાનપુત્રને સોંપ્યું."- ચીમનભાઈ

ચીમનભાઈ સામેના શાસક કોંગ્રેસના અગ્રણીઓ રત્તુભાઈ અદાણીના નેતૃત્વ હેઠળને અન્ય વિરોધપક્ષનું જૂથ એ બધાએ કૉલેજમાંથી આંદોલનો સમાજમાં ફેલાવવા જલદ પ્રવૃત્તિ કરી. જુલાઈ 1973માં ઘનશ્યામભાઈ ઓઝાની જગ્યાએ ચીમનભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા.

તેમની સામે ભ્રષ્ટાચારના આરોપ હતા. ખાદ્ય પદાર્થોના ભાવોમાં વધારો થવાથી શહેરી મધ્યમ વર્ગ નાણાંકીય કટોકટીનો સામનો કરી રહ્યો હતો. તેથી 20 ડિસેમ્બર 1973ના દિવસે અમદાવાદની લાલભાઈ દલપતભાઈ ઈજનેરી મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ છાત્રાલયના ભોજન શુલ્કમાં 20 ટકાનો વધારો થવાથી હડતાલ પર ઊતરી આવ્યા.

પૂર્વભૂમિકામાં 19-09-1969ની સાંજે શહેરમાં પહેલીવાર કર્ફ્યુ લાદવામાં આવ્યો. ઘનશ્યામભાઈ ઓઝાની સરકાર ગબડાવી શ્રી ચીમનભાઈ મુખ્યમંત્રી બન્યા. કોઈપણ મોટા નેતૃત્વ વિના સ્વયંભુ રીતે ફાટી નીકળેલી આંદોલન એટલે રોટી રમખાણ – આંદોલન સાંસદ પુરુષોત્તમ માવળંકરે નામ આપ્યું નવ નિર્માણ આંદોલન. ડિસેમ્બર 1973 અમદાવાદની એલ.ડી. એન્જીનિયરીંગ કૉલેજની હોસ્ટેલ ફીમાં 20% વધારો કરવામાં આવ્યો.

કૉલેજો, શાળાઓ અને તમામ શિક્ષણ સંસ્થાઓમાં હડતાલો પડી. આના પરિણામે બીજા બધા વર્ગના લોકો પણ હડતાલમાં જોડાયા. તોફાનોએ સમગ્ર ગુજરાતનો ભરડો લીધો. તા. 25-01-74ના દિવસે રાજ્યવ્યાપી બંધનું એલાન અપાયું.

તે વખતની કોંગ્રેસ સરકારે 44 શહેરોમાં કર્ફ્યુ લાદ્યો. લશ્કરને બોલાવવું પડ્યું. આ તોફાનો દરમિયાન 100 વ્યક્તિઓના મૃત્યુ થયા. તથા આશરે 3000 લોકો ઘાયલ થયા. અને મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે રાજીનામું આપવું પડ્યું.

નવનિર્માણ આંદોલન 20 ડિસેમ્બર 1973 થી 16 માર્ચ 1974 સુધી ચાલ્યું. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ નવનિર્માણ 1 આંદોલન – 1972, મોંઘવારી રાક્ષસનું દહન – 1973,

અન્નની અછતને પહોંચી વળવા અને ચીજ વસ્તુઓના ભાવ ઘટાડાઓ માટેનાં તેમણે પગલાં લીધાં પણ તેમાં નિષ્ફળ જતાં રોટી માટે રમખાણો થયાં અને નવનિર્માણ આંદોલન શરૂ થયું. વહીવટમાં લાંચરૂશ્વત અને લાગવગશાહીનો તેમની ઉપર આરોપ હતો. 1.05 લાખ ટન અનાજ આપવાને બદલે 65 હજાર ટન અનાજ આપ્યું. ઈજનેરી કૉલેજના વિદ્યાર્થીઓનું હોસ્ટેલનું બિલ વધી જતાં તેમણે તોફાન કર્યું અને આ તોફાનો વ્યાપક બન્યા. વિધિસર વિદ્યાર્થીઓની નવનિર્માણ સમિતિની રચના થઈ.

અમદાવાદ, સુરત, કલોલ, મોડાસા, વિસનગર, ભાવનગર અને સૌરાષ્ટ્રમાં લશ્કરની મદદ લેવી પડી.

43 શહેરોમાં કર્ફ્યુ નંખાયો હતો. જાન્યુઆરી 1974ના અંતમાં ડૉક્ટરો, વકીલો, કવિઓ, મહિલાઓ, અધ્યાપકો, શિક્ષકો, મધ્યમવર્ગના લોકો આંદોલનમાં જોડાયા હતા. ચીમનભાઈ વિરુદ્ધ 9 માજી પ્રધાનો સહિત 23 કોંગ્રેસી ધારાસભ્યોએ મુખ્યમંત્રીને દૂર કરવા 13મી જાન્યુઆરીના રોજ માગણી કરી. 38 ધારાસભ્યોની સહી સાથે રતુભાઈ અદાણી દિલ્હી ગયા ને ફરિયાદ કરી.

ઝીણાભાઈ તથા અમૂલ દેસાઈ, દીવ્યકાંત નાણાવટી વગેરેએ 15 મુદ્દાનું ચાર્જશિટ આપી 7મી ફેબ્રુઆરીએ ચેતવણી આપી.

ચીમનભાઈને 48 કલાકમાં રાજીનામું આપવા જણાવ્યું. 8મી ફેબ્રુઆરીના રોજ સરકારી નોકરિયાતોએ 11મી તારીખથી હડતાળ પાડવા

નિર્ણય લીધો. અંતે 9-2-1974ના રોજ ચીમનભાઈએ રાજીનામું આપ્યું.

ગુજરાતમાં 405 નવનિર્માણ સમિતિઓ રચાઈ હતી. મનીષ જાની, આનંદ માવલંકર, રૂપાંદે શાહ વગેરે વિદ્યાર્થીઓ નવનિર્માણ આંદોલનના અગ્રેસર હતાં. પીઢ રાજકારણીઓનું તેમને પ્રોત્સાહન મળ્યું હતું. ચીમનભાઈના રાજીનામા પછી પણ તોફાનો ચાલુ હતાં.

1450 વખત સરકાર દ્વારા ગોળીબાર થયાં. આ આંદોલન 93 દિવસ ચાલ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિ શાસન વધુ છ માસ લંબાવાયું. આથી મોરારજીભાઈએ 6 માર્ચ 1975ના રોજ વિરાટ સરઘસની આગેવાની લઈને ચુંટણી યોજવા સાડાપાંચ લાખ સહીવાળું મેમોરેન્ડમ ગવર્નરને આપ્યું. 7મી એપ્રિલે મોરારજીભાઈએ આમરણાંત અનશન શરૂ કર્યું. અને ઈન્દિરાજીએ નમતું જોખ્યું અને 7મી જૂન આસપાસ ગુજરાતમાં ચુંટણી યોજવા જાહેરાત થઈ. અંતે 1975ની 8 અને 11મી જૂનના દિવસે વિધાનસભાની ચુંટણી યોજાઈ.

1974માં નવનિર્માણનું આંદોલન થયું. તેના બીજ ફૂડ બિલના વધારાએ રોપ્યાં હતા. એ આંદોલનમાં વિદ્યાર્થીઓએ તેમની તાકાતનું દર્શન કરાવી સાબિત કર્યું કે તેઓ ધારે તો રાજ્યશાસનને હચમચાવી શકે છે. એલ.ડી. એન્જિનિયરીંગ કૉલેજ દ્વારા હોસ્ટેલ ફૂડ બીલની રકમમાં 20 ટકાના વધારાએ ગુજરાતમાં નવનિર્માણનાં આંદોલનમાં બીજ રોપ્યાં હતાં.

એ દિવસે અમદાવાદના રાજમાર્ગો પર સૈનિકોનો ભયાવહ પ્રવેશ થઈ ચુક્યો હતો. અહીં એકાદ માસથી પ્રજા અને પોલીસ વચ્ચેની અથડામણો અટકી નહોતી. એટલે જ આખરે તત્કાલીન સરકારના પ્રધાનમંડળે કરેલા નિર્ણયની જાણ આગલી રાતે મુખ્યમંત્રીએ આકાશવાણી પરથી કરી દીધી હતી.

નવનિર્માણ વખતે કર્ફ્યુ :

આકાશવાણી પરથી ઘોષણા ચાલુ હતી શહેરમાં વ્યવસ્થા સંભાળવાનું છે. લોકો કર્ફ્યુ ભંગ ન કરે અને બારીબારણા છાપરાઓ પર ડોકિયાં ન કરે. એમ કરશે તો ગોળીથી ઠાર થવાનો સંભવ છે. બપોરે બાર થતાં શહેરમાં વ્યાપી જવાનું હતું. રાજમાર્ગ પર સૈનિકોનો જીપોનો કાફલો દેખાયો.

હવે શું થશે ની તંગદિલીનો અસબાબ એવો ને એવો જ હતો. પણ શું થયું ? ફફડાટ અનુભવતાં ટોળાઓ ઘરમાં નહોતાં બહાર રસ્તાઓના બંને છેડા પર ઊભા હતા. એસ.આર.પી. અને પોલીસ સાથેના સંઘર્ષનાં એ સક્રિય પાત્રો હતાં. પણ હવે તો સૈનિકોના હાથમાં સ્વયંસંચાલિત રાઈફલો હતી. આ તરફ નિશાન લઈને સૈનિકો જીવમાંથી ઊતરી પડીને હર જગ્યાએ પોઝીશન લેતા હતા.

બારી, બારણાંઓ, પરસાળો, છાપરાઓ, બધો ખામોશ અવકાશ હવે તેમનો પોતાનો હતો. પણ અચાનક આ શું બન્યું ? ધમધમાટ કરતી લશ્કરી જીપો ધીમી ગતિએ આગળ ધપી. પોળ અને મહોલ્લાઓના છેડે રાજમાર્ગ પરનાં ટોળાઓ ખસ્યાં નહિ. ટોળાંઓના ચહેરાઓ પર કોઈક વ્યગ્રતા હતી. કંઈક કહેવા હોઠ ફફડતા હતા. એ શબ્દો હાથમાં છુપાયેલાં પૂંઠાના બોર્ડ દ્વારા વ્યક્ત થયા. ટોળાઓએ બુમ મારી. અમે તમારું સ્વાગત કરીએ છીએ. પછી બીજો નારો સૈનિકોના કાને અથડાયો.

વી વોન્ટ બ્રેડ, એન્ડ નોટ બુલેટ[1]

વળી ત્રીજું સૂત્ર

ગોળી દોગે ખૂન બહેગા
રોટી દોગે ખૂન બઢેગા

સૈનિકો સમજ્યા. ભર્યા શસ્ત્રો વિચલિત કર્યા વિના જ તેમણે પ્રતિઘોષ પાડ્યો. 'ભારત માતા કી જય !' અને ટોળાંએ હર્ષની ચિચિયારી સાથે બોલ ઝીલ્યો. અધિકારીઓએ ટોળાંને વીખરાઈ જવા કહ્યું અને તેઓ વીખરાઈ ગયાં.

**નિમ્નમધ્યમવર્ગ અને ઉચ્ચમધ્યમવર્ગ આંદોલનમાં સક્રિય** :

આમ તો ઈ.સ. 1974ના વર્ષમાં આંદોલનને વેગ આપવા ઘણી બધી ઘટનાઓ બની હતી. તેથી 1974નું વર્ષ હતાશ અને રોષનું નીવડ્યું. પરિણામે રાજકીય આંદોલનમાં મોટાભાગે જે વર્ગ જોડાયો નથી. તે નિમ્નવર્ગ અને ઉચ્ચમધ્યમવર્ગ પણ આ વખતે સક્રિય બન્યો. ગરીબ વર્ગ તો સક્રિય હતો જ. વિદ્યાર્થીઓ અને અધ્યાપકવર્ગ પણ તેમાં મળ્યો.

ગુજરાત સરકારના ખાદ્ય પુરવઠા પર કેન્દ્ર સરકારનો પ્રતિબંધ :

સરકારનાં પાછા પડવા માટે જવાબદાર કારણો કયા હોઈ શકે તે તપાસવા જરૂરી છે. તો સમગ્ર ઘટનાક્રમ આપણને સમજાશે.

અનાજની ખાધપાવું ગુજરાત કેન્દ્ર સરકારના પ્રતિબંધોના કારણે અન્ય રાજ્યોમાંથી અનાજ ખરીદી શકતું નહોતું. બીજી બાજુ ખાદ્ય તેલમાં ગુજરાત પુરાંતવાળું હોવા છતાં તેની નિકાસની છૂટ નહિ. એટલે તેલ પણ બીજા કોઈ રસ્તે બહાર જતું હોય તેવી ધારણા હતી.

ગુજરાત સરકાર કેન્દ્ર સામે લાચાર હતી કારણ કે ગુજરાતને દર મહિને 60,000 ટન ઘઉં અને 20,000 ટન ચોખાની અનિવાર્ય આવશ્યકતા હતી. તેમાંથી કેટલો જથ્થો કેન્દ્ર સરકાર પાસેથી મળતો ! તેના પ્રાપ્ય અનાજની આ ગણતરી છે.

આ સમગ્ર ઘટના આપણે કોષ્ટકમાં સમજવો રહ્યો. તેના આધારે ખ્યાલ આવે કે ગુજરાત સરકારને કેન્દ્ર સરકાર પૂરતા પ્રમાણમાં અનાજ પૂરી પાડતી નહતી. ત્યારે ગુજરાતના રાજકીય આગેવાનોને સમજવું જોઈએ કે કૂવા હોય તો અવાડામાં આવે તેવી પરિસ્થિતિ થઈ.

મોરારજી દેસાઈ :

12 માર્ચથી અચોક્કસ મુદ્દતની હડતાલ પર ઉતરી આવ્યા. કોંગ્રેસના પ્રમુખ મોરારજી દેસાઈ ભૂખ હડતાલ પર ઉતરી આવ્યા. તેથી 13 માર્ચના રોજ વિધાનસભાને વિખેરી નાંખવામાં આવી અને આંદોલનનો અંત આવ્યો.

આ આંદોલનમાં ઓછામાં ઓછા 100 લોકો મૃત્યુ પામ્યા. 1000 થી 3000 લોકો ઘવાયા હતા અને 8000 હજારથી વધારે લગભગ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

નવનિર્માણ આંદોલન એ મુખ્યમંત્રીને રાજીનામું અપાવી રાષ્ટ્રપતિ શાસન દાખલ કરી શક્યું. તેથી સમગ્ર ભારતમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉદ્દભવેલું આંદોલન સમગ્ર ગુજરાતને હચમચાવી દીધું. દિલ્હીના દરવાજા પણ જરૂર પડતા ખખડાવી દીધા. તે સમયથી સમગ્ર ભારતમાં નક્કી થયું કે વિદ્યાર્થી સંગઠન એ સૌથી મોટું સંગઠન છે. તે જો ન્યાયની બાબતે હોય તો તેને ચોક્કસ ધાર્યું પરિણામ પ્રાપ્ત થતું હોય છે. પણ તે આંદોલને 120 થી પણ વધારે વિદ્યાર્થીઓ અને નાગરિકોનો ભોગ લીધો હતો. તેથી આંદોલને વધારે વેગ પકડતા ચીમનભાઈની સરકારને

રાજીનામું આપવું પડ્યું અને રતુભાઈ અદાણી દિલ્હીના દરવાજા સુધી પહોંચવું પડ્યું. સમગ્ર આંદોલનમાં જાન્યુઆરી 1974માં કવિઓ, વકીલો, ડૉક્ટર, શિક્ષકો, મહિલાઓ, મધ્યવર્ગના લોકો આંદોલનમાં જોડાયા. તેથી ગાંધીજી વખતે અસહકાર આંદોલન થયું. ને સમર્થન મળ્યું તેવું સમર્થન નવનિર્માણ આંદોલન વખતે વિદ્યાર્થીઓને મળ્યું હતું.

અંતે, વિદ્યાર્થી પોતાનો હક લઈને જંપ્યા હતા. તેથી સમગ્ર ભારતમાં આઝાદી પછી પહેલીવાર વિદ્યાર્થીઓ દ્વારા ઉત્પન્ન થયેલું આંદોલન એક ઐતિહાસિક ક્ષેત્ર દાખલો બનાવી ગુજરાતની પ્રજાને ગૌરવ લેવા જેવું હતું અને ભ્રષ્ટાચારી સરકારે લાચાર કરી હતી.

**સંદર્ભ સૂચી:**

સમય ને સથવારે ગુજરાત – કુંદ્લાલ ધોળકિયા, ગુર્જર પ્રકાશન, અમદાવાદ

દવે ભાવના 2018 ગુજરાતની રાજકીય ગાથા,યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુ.રા.અ.વાદ

પંડયા વિષ્ણુ- રાજકીય ગુજરાત અર્ધશતાબ્દીની ધૂપછાંવ- નવભારત સાહિત્ય મંદિર,અ.વાદ